ગાંધીજયંતી ગ્રામજીવન પદયાત્રા

## આ ચા ર સં હિ તા

૧. શીખવાનું છે, જીજ્ઞાસા રાખીશું

૨. હકારાત્મક અભિગમ રાખીશું

૩. સમસ્યાઓ સમજીએ, ગામ જ ઉકેલ શોધે.

૪. પરિવાર ભાવના વિકસાવીએ.

૫. આચાર પરમો ધર્મ.

૬. પદયાત્રાના ચાર મુદ્દા વિશેની સમજણ વિકસાવીએ.

૭. પદયાત્રા ટુકડી સાથે ગાઢ દોસ્તી કરીશું. ઘસાઈને ઉજળા થઈએ. બીજાને ખપમાં લાગીએ.

૮. સાદું ભોજન આનંદપૂર્વક જમીશું. વિશેષ માંગણી નહીં કરીએ.

૯. પ્રભાત ફેરીથી રાત્રિ સભા સુધીનાં તમામ કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભળીશું.

૧૦. દરેક જ્ઞાતિમાં ભોજન થાય તેવી વ્યવસ્થા ગોઠવીશું.

૧૧. સ્વાસ્થ્ય જાળવીશું. જરૂરી દવા સાથે રાખીશું.

૧૨. કુદરતને માણીશું. મૈત્રીપૂર્ણ સંવાદ રચીશું.

૧૩. એકાદશવ્રતોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીશું.

૧૪. ગાંધીવિચાર આધારિત ગીતો, પ્રસંગો, દષ્ટાંતો, ભજનો, ધૂનો, વાતચીત કરીશું.

૧૫. આપણી ઓળખ ગૂજરાત વિદ્યાપીઠ પરિવારના સભ્ય તરીકે આપીશું. રોજ ડાયરી લખીશું.

## લોકો સાથેની આચાર સંહિતા

૧. આદરભાવ અને આત્મીયતા સાથે વર્તીશું.
૨. લોકો સમજી શકે તેવી ભાષામાં વાત કરીશું.
૩. કુટુંબના - ગામના આંતરિક ઝઘડામાં નહીં પડીએ.
૪. દરેક વ્યક્તિનો સ્વીકાર અને ગૌરવપૂર્ણ વ્યવહાર કરીશું.
૫. લોકોના પ્રશ્નોને સમજવાનો પ્રયત્ન કરીશું.
૬. સારા શ્રોતા બનીશું.
૭. લોકો જમતા હોય તે જ જમીશું, જમવામાં બગાડ નહીં કરીએ.
૮. લોકો સાથે અનુકૂળ થઈને રહીશું.
૯. લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તેનો ખ્યાલ રાખીશું.
૧૦. ચાલશે, ફાવશે, ગમશે અને ભાવશે, તેવી રીતે વર્તીશું.
૧૧. દૂરવ્યવહાર થાય ત્યારે સરળતાથી નિરાકરણ કરીશું.
૧૨. લોકો સાથે દલીલો, વાદવિવાદ નહીં કરીએ.
૧૩. રાજકીય પક્ષા-પક્ષીમાં નહીં પડીએ.
૧૪. ગામ અને કુટુંબનાં સાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશું.
૧૫. ખોટાં વચનો, પ્રલોભનો નહીં આપીએ.

## જૂથ સાથેની આચાર સંહિતા

૧. ટીમવર્કની ભાવના અને ટીમ સ્પિરિટ કેળવીશું.
૨. રુચિ અને આવડત પ્રમાણે કામની વહેંચણી કરીશું.
૩. ગ્રામીણ સંસ્કૃતિ મુજબનો પહેરવેશ રાખીશું
૪. આંતરિક મતભેદો ભૂલી જઈશું.
૫. સમૂહજીવનની ભાવના કેળવીશું.
૬. દરેક કાર્યમાં સમયપાલન અને નિયમિતતા રાખીશું.
૭. ભૂલોને વ્યક્તિગત રીતે સુધારવાનો પ્રયત્ન કરીશું.
૮. ખોટું લાગે તેવું વર્તન નહીં કરીએ.

(...૧૨...)

૯. દરેકની જરૂરિયાતનું ધ્યાન રાખીશું.

૧૦. દરેક નિર્ણયમાં સહભાગીદારી મેળવીશું.

૧૧. તંદુરસ્ત વાતાવરણ નિર્માણ કરીશું.

૧૨. વ્યક્તિગત કાર્યના કારણે સમૂહમાં વિક્ષેપ ન પડે તેની કાળજી રાખીશું.

૧૩. સારપનો સરવાળો કરીશું.

૧૪. કિંમતી ચીજવસ્તુઓ સાથે નહીં રાખીશું.

## સંસ્થા પ્રત્યેની આચાર સંહિતા

૧. ખાદી પહેરીશું.

૨. વિદ્યાપીઠની ઓળખ લઈને જઈશું તેમજ તેના આદર્શો અને ધ્યેયો અનુસાર વર્તીશું.

૩. પદયાત્રાનાં ધ્યેયને અનુસરીશું અને તે પ્રમાણે વર્તન રાખીશું.

૪. સંસ્થાનાં મૂલ્યો અને સંસ્કારો લોકો સુધી પહોંચાડીશું.

૫. આચરણથી ગાંધીવિચારનો પ્રચાર અને પ્રસાર કરીશું.

૬. કઠિન પરિસ્થિતિમાં હિંમતથી કામ કરીશું.

૭. સમય પાલન અને દૈનિક નોંધ રાખીશું.

૮. ગાંધી મૂલ્યો જીવનમાં ઉતારવાના પ્રયત્નો કરીશું.

૯. સંસ્થાની સારી બાબતોનો પ્રચાર અને પ્રસાર કરીશું.

૧૦. સંસ્થા પ્રત્યેના ખોટા ખ્યાલો દૂર કરવા સંવાદ કરીશું.

૧૧. સંસ્થા પ્રત્યેનો અણગમો લોકો સમક્ષ વ્યક્ત નહીં કરીએ.

૧૨. ગ્રામીણ પરિસ્થિતિ મુજબ કાર્યક્રમો ગોઠવીશું.

(...૧૩...)

## સાક્ષરતા

૧. સાક્ષરતા કોને કહેવાય ?

૨. આપણી વ્યાખ્યા મુજબ ગામમાં સાક્ષર કેટલા ?

૩. પ્રજાતંત્ર અને સાક્ષરતાને કશો સંબંધ ખરો ?

૪. ગામમાં સાક્ષરતા વધારવા ગ્રામજનો શું શું કરી શકે ?

## વ્યસનમુક્તિ

૧. વ્યસન કોને કહેવાય ?

૨. ગામ ખાસ કયાં - કયાં વ્યસનોથી પીડાય છે ?

૩. વ્યસનો છોડાવવામાં બહેનો શું કરી શકે ?

૪. પોલીસના હપ્તા શી રીતે બંધ થાય ?

૫. વ્યસનમુક્તિ સારુ કોઇ ખાસ કાર્યક્રમ બની શકે ખરો ?

## સ્વચ્છતા

૧. સ્વચ્છતા, સુઘડતા, સુંદરતા અને પવિત્રતા એટલે શું ?

૨. તે લાવવા કોણ શું કરી શકે ?

(અ) શાળાઓ

(આ) ગ્રામપંચાયત

(ઇ) બહેનો

(ઈ) ગામવડાઓ

૩. ગામમાં ઉકરડા કેવા છે ? કેવા હોવા જોઇએ ?

૪. શૌચાલય છે ? નવાં થઇ શકે ?

૫. જળાશયની સફાઇ અંગે કાંઇ કાર્યક્રમ યોજાય ?

## ગ્રામભાવના

૧. આ ગામ કોનું ?

૨. એનું ભાવિ નક્કી કરવામાં કોનો અવાજ સંભળાવવો જોઇએ ?

૩. ગામના વહીવટમાં રાજકીય પક્ષોનો હાથ કેટલે અંશે હોવો જોઇએ ?

૪. ગ્રામજનોના અધિકારો કયા ? અને કર્તવ્યો કયા ?

૫. ગુજરાત લોકસમિતિએ રજૂ કરેલા ૯ અધિકારો વિષે ગ્રામજનોને જાણ છે ?

(...૧૪...)

## ગ્રામજીવન પદયાત્રા - ૨૦૦૭ : જાણવા જોગ થોડુંક....

- પસંદગીના શિક્ષકો તથા સેવકોના બનેલા કેન્દ્રીય જૂથે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના બધા તાલુકાઓનાં ગામોની મુલાકાત લીધી હતી.
- દરેક ગામોની ટૂંકી માહિતી એકત્ર કરી હતી.
- દરેક જૂથને પદયાત્રા સંબંધી માહિતીની ફાઈલ આપવામાં આવી હતી.
- ચાર ગામના સમૂહની પસંદગી કરી વિદ્યાપીઠના વિવિધ પરિસરની યાદી મોકલી હતી.
- સેવકોની બે દિવસની અભિમુખતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વિદ્યાર્થીઓની શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના કર્મશીલો તથા સર્વોદયના કાર્યકરોએ માર્ગદર્શન આપ્યું હતું.
- વિદ્યાર્થી નેતાઓની એક વિશિષ્ટ શિબિરનું આયોજન સપ્ટેમ્બર મહિનામાં કરવામાં આવ્યું હતું.
- કેન્દ્રીય ટુકડીએ દરેક ગામના સરપંચ, ઉપસરપંચ, શાળાના આચાર્ય, આગેવાન, ગ્રામમિત્ર સંબંધિત માહિતી મેળવી, તેમના સંપર્કની વિગતો આપી હતી.
- તા. ૨-૯-૦૭ થી તા. ૨-૧૦-૦૭ દરમ્યાન અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં યોજાઈ હતી.
- ગૂજરાત વિદ્યાપીઠના ૧૪૯૧ વિદ્યાર્થીઓ અને ૧૭૦ અધ્યાપક/સેવકો જોડાયા.
- ૮ વિદ્યાર્થીઓ અને એક સેવકની એક ટુકડી બનાવવામાં આવી હતી.
- કુલ ૧૭૮ ટુકડીએ બંને જિલ્લાનાં ૭૧૨ ગામની પદયાત્રા કરી.
- સમગ્ર પદયાત્રાનું આયોજન અત્યંત વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ રીતે કરાયું હતું.
- વિદ્યાર્થીઓ માટે આ સમગ્ર અનુભવ નવું શીખવનારો બની રહ્યો.
- 'ભીંત બહારનું ભણતર' પ્રાપ્ત કરવાનો આ નવિન પ્રયાસ વિદ્યાર્થીઓ માટે આવકારદાયક જણાયો.
- વર્ગખંડમાં ગામના અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર કે ઈતિહાસના સૈદ્ધાંતિક જ્ઞાનના બદલે તેમને પ્રાયોગિક અને વ્યવહારુ જાણકારી પ્રાપ્ત થઈ.

- ગ્રામસંપર્ક, શેરીનાટક જેવી અભ્યાસેત્ર પ્રવૃત્તિઓએ વિદ્યાર્થીના વ્યક્તિત્વના વિવિધ આયામોને રજૂ કર્યા, જે કદાચ વર્ગશિક્ષણમાં પ્રચ્છન્ન રહી જાત.
- યાત્રા દરમ્યાન વિવિધ કુટુંબો સાથે ભોજનના કારણે સંપર્ક વધારે જીવંત તેમજ વર્ગ અને વર્ણના ભેદભાવરહિત બન્યો.
- વિદ્યાર્થીઓ ગામડાંમાં રહેતા હોવા છતાં એક નવો પરિચય થયો.
- આઠ વિદ્યાર્થીઓની ટુકડી હોવાથી દરેક કામ દરેક વિદ્યાર્થી કરતા થયા, જેમ કે સવારની પ્રભાતફેરી, શાળાનાં બાળકો સાથે ગીતો ગાવા, સ્વચ્છતા માટે બાળકોના નખ કાપવા, બપોરના બહેનો સાથે બેઠક-ચર્ચાઓ કરવી, ગ્રામસભા, શેરીનાટકો, ગીતો દ્વારા નવા સંદેશાઓ પહોંચતા કરવા વગેરે.
- શહેરમાં રહેતા વિદ્યાર્થીઓની ગામડાના લોકો માટેની માન્યતા સાવ જ બદલાઈ ગઈ.
- વિદ્યાર્થીઓની જમવાની વ્યવસ્થા એક કુટુંબમાં એક-બે જણની દરેક ગામે બહુ જ સારી રીતે ગોઠવી હતી. આ અનુભવ શહેરમાં રહેતા વિદ્યાર્થીઓ માટે સાવ નવો જ હતો.
- ગામડાઓમાં ગાંધી સાહિત્યનું વેચાણ કરવાનો અનુભવ પણ વિદ્યાર્થીઓએ લીધો. આવા પુસ્તકો વાંચવાની પ્રેરણા પણ વિદ્યાર્થીઓને મળી.
- વિદ્યાર્થીઓમાં પોતાનો આત્મવિશ્વાસ જાગ્યો, અને ઘણા બધા વિદ્યાર્થીઓને પોતાના શિક્ષણ અને સંશોધનમાં નવી દિશા મળી.
- યાત્રામાં પ્રદર્શિત કરેલા પ્રદર્શને સહુની પ્રશંસા પ્રાપ્ત કરી.
- ગ્રામજીવનને નજીકથી જાણી, સમજી અને લોકકારણ તરફ આગળ વધવા માટેનો આ સફળ પ્રશંસનીય પ્રયાસ હતો.